ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

**પરિપત્ર:**

**વિષય:- 6 ડિસેમ્બરનાં રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરજીના 69માં મહાપરિનિર્વાણ દિવસ નિમિતે કાર્યક્રમ આયોજીત કરવા બાબત.**

**સંદર્ભ:- UNION OF SC EMPLOYEESનો પત્ર ક્રમાંક નં.૧૫/૨૦૨૫, તા. ૦૧/૧૨/૨૦૨૫**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે આગામી તારીખ 6 ડિસેમ્બરનાં રોજ આપણા દેશના બંધારણના મહાન ઘડવૈયા અને ભારત રત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરજીનો 69મો મહાપરિનિર્વાણ દિવસ છે. આ નિમિતે તમામ કોલેજો/સંસ્થાઓમાં તા. 6 ડિસેમ્બરનાં રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરજી અને તેમના કાર્યોને યાદ કરવામાં આવે તેવા ઉમદા હેતુથી એક કાર્યક્રમ આયોજિત કરવા જણાવવામાં આવે છે. વધુમાં સાદર કાર્યક્રમ પૂર્ણ થયેથી આયોજીત કાર્યક્રમનો ફોટોગ્રાફ તથા વિડીયોગ્રાફી સાથેનો અહેવાલ અત્રેની યુનિવર્સિટીનાં એસ.સી.-એસ.ટી સેલનાં મેઈલ આઈડી scstcell@bknmu.edu.in પર નિયત સમયમાં બિનચૂક મોકલી આપવા તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામા આવે છે.

**ખાસ નોંધ:** ૧) 14 એપ્રિલ નાં રોજ રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરજીની જન્મ જયંતી નિમિતે કોલેજો/સંસ્થાઓ પ્રોગ્રામ આયોજિત કરતી હોય છે, પરતું તે સમયગાળા દરમિયાન વાર્ષિક પરીક્ષાઓનો માહોલ હોય તેથી ઉજવણી બરાબર થઇ શકતી નથી.તેથી 6 ડિસેમ્બરનાં રોજ આ દિવસને અગ્રતા આપવા વિનંતી.

૨) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજનાં નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.

3) આ કાર્યક્રમ માટેનો થનાર તમામ ખર્ચ જે-તે સંસ્થા/ કોલેજ પર રહેશે.

05/12/2025

કો-ઓર્ડિનેટરશ્રી
એસ.સી./એસ.ટી.સેલ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જૂનાગઢ

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/ એકેડમિક/શિષ્યવૃત્તિ /૮૪૯/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.ક
તા.૦૫/૧૨/૨૦૨૫

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**

Reg. No. 6689 Dt. 25 May 2023 by Office of the registrar of Trade Unions, State of Gujarat, Gandhinagar

BE EDUCATED BE ORGANIZED BE AGITATED

UNION OF SC EMPLOYEES
(BKNMU & AFFILIATED COLLEGE'S)
JUNAGADH - GUJARAT
Shrinagar Society Office, B/h. Dr. Ambedkar Bhavan, Madhuram, Junagadh
Email : usebknmuacjnd@gmail.com

**જાવક નં ૧૫/૨૦૨૫** **01/12/2025**

**પ્રતિ**

**રજિસ્ટારશ્રી,**

**ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**

**જૂનાગઢ.**

**વિષય : ડો. બાબાસાહેબ આંબેડકરજીના 69માં મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે તમામ કોલેજો ડો.બાબા સાહેબ અને તેમના કાર્યો ને યાદ કરે , આ અનુસંધાને કાર્યક્રમ ગોઠવે એ માટે પરિપત્ર કરવા વિનંતી..**

**સાદર પ્રણામ,**

માનનીય સાહેબ શ્રી આપણા મહાન દેશના મહાન બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડો.બાબાસાહેબ આંબેડકરજીનો આગામી 6ઠ્ઠી ડિસેમ્બરના રોજ 69મો મહાપરિનિર્વાણ દિવસ છે. આ નિમિત્તે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની તમામ કોલેજો ડો.બાબાસાહેબ આંબેડકરજી અને તેમના કાર્યો ને યાદ કરે એ માટે જરૂરી કાર્યક્રમ ગોઠવે, એનો અહેવાલ, ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી યુનિવર્સિટીના એસ.સી - એસ.ટી સેલને નિયત સમયમાં સબમીટ કરે કરાવે, આવું એક આયોજન આપણા મારફતે તમામ યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ અને કોલેજોને જાણ થાય એ પ્રકારની વ્યવસ્થા ગોઠવવાનું અમારા યુનિયન તરફથી આપને સૂચન કરીએ છીએ.

**નોંધ** : 14 મી એપ્રિલ ડો.બાબાસાહેબ આંબેડકરજીની જન્મ જયંતી નિમિત્તે યુનિવર્સિટીઓ પ્રોગ્રામ આયોજન કરતી હોય છે પરંતુ તે સમયગાળામાં વાર્ષિક પરીક્ષાઓનો માહોલ હોય આ ઉજવણીઓ બરાબર થઈ શકતી નથી. તો 6ઠ્ઠી ડિસેમ્બરના આ દિવસને અગ્રતા આપી આ પરિપત્ર કરવા વિનંતી છે.

**નકલ રવાના**

- મા.કુલપતિશ્રી
- Sશ્ર St સેલ

President / Secretary
Union of SC Employees
(BKNMU & Affiliated College's)
Junagadh